eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 82
Dec. 22, 2006

## સુરત મહાનગરપાલિકા "પ્રવાસન વર્ષ–૨૦૦૬" જાહેર નિમંત્રણ

રાજય સરકારશ્રી તરફથી સને–૨૦૦૬ના વર્ષ પ્રવાસન વર્ષ તરીકેની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૫–૧૨–૨૦૦૬ થી તા. ૩૧–૧૨–૨૦૦૬ દરમ્યાન વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે પોંક ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ છે. આ ફેસ્ટીવલ મા. મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણીના વરદ્‌હસ્તે તા.૨૫–૧૨–૨૦૦૬નાં રોજ સાંજે ૬.૦૦ કલાકે કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ, પોલીસ પરેડ ગ્રાઉન્ડની પાસે, અઠવાલાઈન્સ, તથા સાંજે ૭.૦૦ કલાકે જોગાણીનગર પાર્ટી પ્લોટ, આનંદ મહલ રોડ, ખાતે ખુલ્લો મુકવામાં આવશે. આ પોંક ફેસ્ટીવલમાં તેમજ વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સમાજ સેવાના વિશિષ્ટ પ્રદાન બદલ કોર્પોરેટરશ્રી પ્રફુલ્લ પાનશેરીયાને યુનો ધ્વારા "એકસેલન્સ ઈન સોશિયલ સર્વિસ એવોર્ડ" તેમજ ન્યુ દિલ્હીમાં " આઠમી વર્લ્ડ હ્યુમન રાઈટ્‌સ " ધ્વારા એવોર્ડ



શ્રી પ્રફુલ્લ પાનશેરીયા સુરતની વિવિધ સામાજીક, શૈક્ષણિક સંસ્થાઓ ધ્વારા સમાજ સેવાની પ્રવૃત્તિઓમાં હરહંમેશ અગ્રેસર રહયા છે. અનેક યુવાનોને પ્રેરણા મળે એ રીતે યુવા–ઉત્સાહી શ્રી પ્રફુલ્લ પાનશેરીયાના સફળ અને સબળ નેતૃત્ત હેઠળ યંગ ફેડરેશન ઓફ ગુજરાત ધ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ જેવી કે સુરતના પૂર હોનારત સમયે સતત લોકો માર્ગદર્શન આપવું લોકોના સ્થળાંતર, ફૂડ પેકેટ વિતરણ વગેરે ઉપરાંત લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ચક્ષુદાનની પ્રવૃત્તિમાં યંગ ફેડરેશનનું મહત્વનું યોગદાન રહયું છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાને એનયુઆરએમ હેઠળ વધુ રૂા. ૧૫.૮૫ કરોડ મળ્યા

કેન્દ્રની એન.યુ.આર.એમ. સ્કીમ હેઠળ વધુ રૂા. ૧૫.૮૫ કરોડની ગ્રાંટ મળી છે. જેની સાથે કુલ રૂા. ૪૧.૪૯ કરોડની ગ્રાંટ આજદિન સુધીમાં વિવિધ પ્રોજેકટો પેટે કોર્પો.ને મળી છે. વિવિધ શહેરોમાં લોકોપયોગી પ્રોજેકટો માટે કેન્દ્ર સરકાર ધ્વારા દાખલ કરાયેલ એન.યુ.આર.એમ. સ્કીમ હેઠળ કોર્પોરેશને પણ તેના વિવિધ પ્રોજેકટ મૂકયા છે. જે પૈકી અગાઉ રૂા. ૩૦ કરોડ જેટલી ગ્રાંટ મ્યુનિ. કોર્પોરેશનને મળી ગઈ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## રાષ્ટ્રીય ફાઈલેરીયા ડે–૨૨મી ડિસેમ્બર ૨૦૦૬ માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન કાર્યક્રમ

ભારત સરકાર ધ્વારા ઘડવામાં આવેલ આરોગ્ય સંબંધી નીતિઓમાં વર્ષ ૨૦૧૫ સુધીમાં સમગ્ર ભારતમાંથી Lymphatic Filariasis (હાથી પગાનો રોગ) નાબૂદ કરવાનો ધ્યેય નકકી કરવામાં આવેલ છે. આ માટે હાથીપગાના રોગ માટે જવાબદાર પરોપજીવી માઈક્રો ફાઈલેરીયાનો નાશ કરવાથી આ રોગને અંકુશ હેઠળ લાવી શકાય તેમ છે. આ માટે ભારત સરકાર ધ્વારા આગામી તા. ૨૨–૧૨–૨૦૦૬ના ફાઈલેરીયા દિનના દિવસને નેશનલ ફાઈલેરીયા ડે તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે, તથા તા. ૨૩ અને ૨૪ ડિસેમ્બર ૨૦૦૬ના રોજ મોપ અપ રાઉન્ડ તરીકે કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમમાં શહેરની તમામ વ્યકિતઓને એક જ દિવસે શરીરમાં રહેલા માઈક્રો ફાઈલેરીયાના પરોપજીવીઓના નાશ કરવા માટે DEC ટેબ્લેટસનો નિયત ડોઝ ગળાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## અડાજણ–આનંદ મહેલ રોડનાં શાકભાજી માર્કેટનાં ફેરીયાઓનું નવી માર્કેટમાં સ્થળાંતર



સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં ટી. પી. ૧૨ (અડાજણ)માં આનંદમહલ રોડ ઉપર આવેલ ભુલકાભવન સ્કુલની પાછળ આવેલ ફા. પ્લોટ નં. ૭૯(પૈકી) અને એસ્કોન પ્લાઝા અને શ્રીજી આર્કેડની બાજુમાંથી પસાર થતા ૧૮ મીટરના ટી. પી. રસ્તા ઉપર જૈન વાડીની બાજુમાં સુરત મહાનગરપાલિકાના "ડીસ્ટ્રીકટ સેન્ટર" ના હેતુ માટેના અનામત પ્લોટમાં તમામ સુવિધાઓ સહિત શાકભાજી માર્કેટના બાંધકામનું કામ પૂર્ણ કરેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત એથ્લેટીકસ સ્પર્ધામાં ભાગ લેવા બાબત

સુરત મહાનગરપાલિકા તરફથી આગામી માસમાં શિયાળુ રમતોત્સવમાં એથ્લેટીકસ સ્પર્ધામાં ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, લાંબીકૂદ, ગોળાફેંક, ચક્રફેંક તથા સામુહિક રમતોમાં કબડ્ડી, ખો–ખો (ભાઈઓ તથા બહેનો માટે) અને વોલીબોલ (ફકત ભાઈઓ) સ્પર્ધા પ્રાથમિક વિભાગ તથા માધ્યમિક વિભાગમાં યોજાશે. જેમાં સુરતની હદમાં આવેલ શાળાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## ૨૫મી પીઠાવાલા ટ્રોફીમાં સુરત મહાનગરપાલિકાનો ૭ વિકેટે ભવ્ય વિજય ઓલ રાઉન્ડ દેખાવ કરનાર યોગેશ પટેલ મેન ઓફ ધ મેચ



સુરત મહાનગરપાલિકા શહેરીજનો મૂળભૂત માળખાકીય સુવિધાઓ આપવાની સાથે મનોરંજન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ આપવા પ્રયત્નશીલ છે. સુરત મહાનગરપાલિકા માળખાગત સુવિધાઓ તેમજ અન્ય ક્ષેત્રમાં દેશભરમાં આગવું સ્થાન ધરાવે છે. સાથે સાથે મનપાના જ કર્મચારીઓ પણ રમતગમત ક્ષેત્રે પણ સુરત મહાનગરપાલિકાનું નામ રોશન કરે તે માટે પણ મનપા પ્રયત્નશીલ છે. આ માટે મનપાની ક્રિકેટ ટીમ પણ દર વર્ષે જુદી જુદી ટુર્નામેન્ટોમાં ભાગ લઈ યશસ્વી દેખાવ કરે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા
# " પ્રવાસન વર્ષ–૨૦૦૬ "
# જાહેર નિમંત્રણ

રાજય સરકારશ્રી તરફથી સને–૨૦૦૬ના વર્ષ પ્રવાસન વર્ષ તરીકેની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૫–૧૨–૨૦૦૬ થી તા. ૩૧–૧૨–૨૦૦૬ દરમ્યાન વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે પોંક ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ છે. આ ફેસ્ટીવલ મા. મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણીના વરદ્દહસ્તે તા.૨૫–૧૨–૨૦૦૬નાં રોજ સાંજે ૬.૦૦ કલાકે કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ, પોલીસ પરેડ ગ્રાઉન્ડની પાસે, અઠવાલાઈન્સ, તથા સાંજે ૭.૦૦ કલાકે જોગાણીનગર પાર્ટી પ્લોટ, આનંદ મહલ રોડ, ખાતે ખુલ્લો મુકવામાં આવશે. આ પોંક ફેસ્ટીવલમાં તેમજ વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

**પોંક ફેસ્ટીવલનો સમય :– સાંજે : ૦૬.૦૦ કલાક થી રાત્રે ૧૧.૦૦ કલાક સુધી**

**સાંસ્કૃતિક કાર્યક્રમનો સમય :– રાત્રે ૦૮.૦૦ કલાક થી રાત્રે ૧૧.૦૦ કલાક સુધી**

**તા. ૨૫–૧૨–૨૦૦૬ થી તા. ૩૧–૧૨–૨૦૦૬**

પંકજ જોષી
આઈ.એ.એસ.
કમિશ્નર

TOP

## સમાજ સેવાના વિશિષ્ટ પ્રદાન બદલ કોર્પોરેટરશ્રી પ્રફુલ્લ પાનશેરીયાને યુનો ધ્વારા "એકસેલન્સ ઈન સોશિયલ સર્વિસ એવોર્ડ" તેમજ ન્યુ દિલ્હીમાં "આઠમી વર્લ્ડ હ્યુમન રાઈટ્સ" ધ્વારા એવોર્ડ

શ્રી પ્રફુલ્લ પાનશેરીયા સુરતની વિવિધ સામાજીક, શૈક્ષણિક સંસ્થાઓ ધ્વારા સમાજ સેવાની પ્રવૃત્તિઓમાં હરહંમેશ અગ્રેસર રહયા છે. અનેક યુવાનોને પ્રેરણા મળે એ રીતે યુવા–ઉત્સાહી શ્રી પ્રફુલ્લ પાનશેરીયાના સફળ અને સબળ નેતૃત્ત હેઠળ યંગ ફેડરેશન ઓફ ગુજરાત ધ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ જેવી કે સુરતના પૂર હોનારત સમયે સતત લોકો માર્ગદર્શન આપવું લોકોના સ્થળાંતર, ફૂડ પેકેટ વિતરણ વગેરે ઉપરાંત લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ચક્ષુદાનની પ્રવૃત્તિમાં યંગ ફેડરેશનનું મહત્વનું યોગદાન રહયું છે. ૧૦૭ જેટલા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન, ઉપરાંત સમાજ સેવાની તેમજ તબિબિ સહાયની પ્રવૃત્તિમાં હંમેશા અગ્રેસર રહયા છે. 'એઈડ્સ અવેરનેસ કેમ્પ', 'યુવા વિકાસ શિબિર' વગેરેનું સફળ આયોજન કર્યુ છે. શ્રી પ્રફુલ્લ પાનશેરીયાને આ અગાઉ પણ ઈ.સ. ૨૦૦૪માં નહેરૂ વિકાસ કેન્દ્ર દિલ્હી ધ્વારા 'શ્રેષ્ઠ યુવા સામાજિક કાર્યકર' તરીકે નવાજવામાં આવ્યા છે તેમજ પર્યાવરણ ક્ષેત્રે પણ ખુબ મહત્વનું યોગદાન આપ્યું છે તેમજ અંધશ્રધ્ધા વિરૂધ્ધ પણ તેઓએ કાર્ય કર્યુ છે તેમજ ૨૦૦૪–૦૫માં સૌથી વધુ રકતદાન શિબિરનું સન્માન સ્વામિ સચ્ચિદાનંદ ધ્વારા કરવામાં આવ્યું હતું.




યંગ ફેડરેશન ઓફ ગુજરાતના પ્રમુખશ્રી પ્રફુલ્લ પાનશેરીયાને ઈન્ટરનેશનલ સેન્ટર ન્યુ દિલ્હી ખાતે આંતરરાષ્ટ્રીય સંસ્થા યુનો ધ્વારા નેશનલ એવોર્ડ ફોર એકસેલન્સ ઈન સોશિયલ સર્વિસ એવોર્ડ અને આઠમી વર્લ્ડ હ્યુમન રાઈટ્સ કોંગ્રેસ ધ્વારા " ગ્લોબલ હ્યુમન રાઈટ્સ પ્રોટેકશન એવોર્ડ " એમ બે આંતરરાષ્ટ્રીય એવોર્ડ આપવામાં આવ્યા હતા. તેમજ કાંસ્ય ચંદ્ર અર્પણ કરીને સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિશ્વના વિશિષ્ટ મહાનુભાવો સર્વેશ્રી ડો. વાફીક કામીન, (સેક્રેટરી જનરલ, એશિયન આફ્રિકન લીગલ કોન્સુલેટિવ ઓર્ગેનાઈઝેશન), મી. મોરફીન (એમ્બેસેડર ઓફ મકિસકો), મી. સેહલોહો મોલોઈ (હાઈ કમિશ્નર ઓફ રિપબ્લીક ઓફ સાઉથ આફ્રિકા), મી. ઓસામા મુસા (એમ્બેસેડર ઓફ ધ સ્ટેટ ઓફ પેલેસ્ટાઈન), મીસીસ બ્રીના ઓરોબ્લેવા (એમ્બેસેડર ઓફ એજર્બાઈદન), મી. અન્તોન ગોગાવા (કાઉન્સેલર ઓફ ધ રિપબ્લીક ઓફ સોલ્વેનિયા), મીસ. ડાલામી મુનોઝ (સેકેન્ડ સેક્રેટરી, કલ્ચર એન્ડ પ્રેસ એમ્બેસી ઓફ ધ રિપબ્લીક ઓફ કયુબા), મી. સંજય કે. દીવાન (ઓનટરી કોન્સોલ જનરલ ઓફ ધ રિપબ્લીક ઓફ ધ જામ્બીયા) વગેરે વિશિષ્ટ મહાનુભાવોની ઉપસ્થિતમાં પ્રફુલ્લ પાનશેરિયાને ઉપરોકત એવોર્ડ આપવામાં આવ્યા હતા.

યંગ ફેડરેશન ઓફ ગુજરાતના પ્રમુખ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ચોર્યાસી બ્રાન્ચના ઉપપ્રમુખ, લાયન્સ કલબ ઓફ સુરત ઈસ્ટના ઉપપ્રમુખ, લોકદ્રષ્ટિ ચક્ષુબેંક સુરતના ટ્રસ્ટી તથા લોકસમર્પણ રકતદાન કેન્દ્ર સુરતના સભ્ય એવા પ્રફુલ્લ પાનશેરિયાને નવી દિલ્હીના અનેક દેશોના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ બે પ્રતિષ્ઠિત એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા.

નવી દિલ્હીમાં મળેલ આઠમી વર્લ્ડ હ્યુમન રાઈટ્સ કોંગ્રેસની સ્ટિયરિંગ કમિટીએ " ૨૦૦૬ ગ્લોબલ હ્યુમન રાઈટ્સ પ્રોટેકશન એવોર્ડ " માટે પ્રફુલ્લ પાનશેરિયાની પસંદગી કરી હતી. આ ઉપરાંત યુનો સંલગ્ન ઈન્ટરનેશનલ એસોસિયેશન ઓફ એજયુકેટર્સ ફોર વર્લ્ડ પીસ, અમેરિકા, કોમનવેલ્થ એસોસિયેશન ફોર ધ એજયુકેશન એન્ડ ટ્રેનિંગ એડલ્ટ, ઈંગ્લેન્ડ તથા ધ ગ્લોબલ ઓપન યુનિવર્સિટી મીલાન–ઈટાલી ધ્વારા " નેશનલ એવોર્ડ ફોર એકસેલન્સ ઈન સોશિયલ સર્વિસીઝ " એવોર્ડ માટે પણ પ્રફુલ્લ પાનશેરિયાની પસંદગી કરી હતી.

યુવા કોર્પોરેટર પ્રફુલ્લ પાનશેરિયાને બે વર્ષ પહેલા પણ રાષ્ટ્રીયસ્તરે " નહેરૂ યુવા વિકાસ કેન્દ્ર દિલ્હી " ધ્વારા " શ્રેષ્ઠ યુવા સામાજિક કાર્યકર " તરીકેનો એવોર્ડ મળી ચૂકયો છે.

સુરતના પૂર દરમિયાન પણ તેમણે સતત બચાવ, રાહત અને પુનઃસ્થાપન કાર્ય બજાવ્યું હતું. પ્રફુલ્લ પાનશેરિયાના આ સન્માનથી યંગ ફેડરેશન ઓફ ગુજરાતના તમામ સભ્યો તેમને અભિનંદન પાઠવે છે અને ભારે ગૌરવની લાગણી અનુભવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકાને એનયુઆરએમ હેઠળ વધુ રૂા. ૧૫.૮૫ કરોડ મળ્યા

કેન્દ્રની એન.યુ.આર.એમ. સ્કીમ હેઠળ વધુ રૂા. ૧૫.૮૫ કરોડની ગ્રાંટ મળી છે. જેની સાથે કુલ રૂા. ૪૧.૪૯ કરોડની ગ્રાંટ આજદિન સુધીમાં વિવિધ પ્રોજેકટો પેટે કોર્પો.ને મળી છે. વિવિધ શહેરોમાં લોકોપયોગી પ્રોજેકટો માટે કેન્દ્ર સરકાર ધ્વારા દાખલ કરાયેલ એન.યુ.આર.એમ. સ્કીમ હેઠળ કોર્પોરેશને પણ તેના વિવિધ પ્રોજેકટ મૂકયા છે. જે પૈકી અગાઉ રૂા. ૩૦ કરોડ જેટલી ગ્રાંટ મ્યુનિ. કોર્પોરેશનને મળી ગઈ છે. પરંતુ તેમાંથી રૂા. ૪.૩૬ કરોડ સુડા સાથેની સંયુકત ભાગીદારીના પ્રોજેકટનાં હોય સુડાને ચૂકવી દેવાયા છે જેથી કોર્પોરેશનને કુલ રૂા. ૨૫.૬૪ કરોડની ગ્રાંટ મળી કહેવાય.

કેન્દ્ર સરકાર ધ્વારા વધુ રૂા. ૧૫.૮૫ કરોડની ગ્રાંટ કોર્પોરેશનને મળતાં આજદિન સુધીમાં પહોંચેલી ગ્રાંટનો આંકડો રૂા. ૪૧.૪૯ કરોડને આંબી ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી ૧૯મીની રાજય સરકારની બેઠકમાં કોર્પોરેશન તરફથી વધુ રૂા. ૧૬૦ કરોડના પ્રોજેકટ એન. યુ. આર. એમ. સ્કીમ હેઠળ ચૂકવવા માટે તૈયારીઓ પૂરી થઈ ગઈ છે.

TOP

## રાષ્ટ્રીય ફાઈલેરીયા ડે–૨૨મી ડિસેમ્બર ૨૦૦૬
## માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન કાર્યક્રમ

ભારત સરકાર ધ્વારા ઘડવામાં આવેલ આરોગ્ય સંબંધી નીતિઓમાં વર્ષ ૨૦૧૫ સુધીમાં સમગ્ર ભારતમાંથી Lymphatic Filariasis (હાથી પગાનો રોગ) નાબૂદ કરવાનો ધ્યેય નકકી કરવામાં આવેલ છે. આ માટે હાથીપગાના રોગ માટે જવાબદાર પરોપજીવી માઈક્રો ફાઈલેરીયાનો નાશ કરવાથી આ રોગને અંકુશ હેઠળ લાવી શકાય તેમ છે. આ માટે ભારત સરકાર ધ્વારા આગામી તા. ૨૨–૧૨–૨૦૦૬ના ફાઈલેરીયા દિનના દિવસને નેશનલ ફાઈલેરીયા ડે તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે, તથા તા. ૨૩ અને ૨૪ ડિસેમ્બર ૨૦૦૬ના રોજ મોપ અપ રાઉન્ડ તરીકે કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમમાં શહેરની તમામ વ્યકિતઓને એક જ દિવસે શરીરમાં રહેલા માઈક્રો ફાઈલેરીયાના પરોપજીવીઓના નાશ કરવા માટે DEC ટેબ્લેટસનો નિયત ડોઝ ગળાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

આ માટે ગુજરાત સરકારની માર્ગદર્શિકા મુજબ સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૨–૧૨–૨૦૦૬ના રોજ ફાઈલેરીયા ડે નાં દિવસે સુરત શહેરનાં તમામ વિસ્તારોમાં માઈક્રો ફાઈલેરીયાના વાહક દર્દીઓની સંખ્યા વધતી અટકાવી શકાય તે માટે તમામ વ્યકિતઓને દવાનો નિયત ડોઝ ગળાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

લિમ્ફેટીક ફાઈલેરીયાસીસ એ કયુલેકસ માદા મચ્છરો ધ્વારા ફેલાતો રોગ છે. જે મચ્છરો ગંદા પાણીમાં ઉત્પન્ન થાય છે. મનુષ્યના શરીરમાં રહેલા માઈક્રો ફાઈલેરીયા નામના પરોપજીવી કે જે હાથીપગાના રોગના ફેલાવા માટે જવાબદાર છે, તેનો એક મનુષ્યમાંથી બીજા મનુષ્યમાં ફેલાવો આ માદા કયુલેકસ મચ્છરો ધ્વારા કરવામાં આવે છે. એક વાર મનુષ્યમાં આ રોગના લીધે શરીર ઉપરના સોજા ચાલુ થાય, ત્યાર બાદ તેને સંપૂર્ણ સાજો કરવો શકય નથી, આથી મનુષ્યમાં રહેલા માઈક્રો ફાઈલેરીયા મનુષ્યની લિમ્ફેટીક સીસ્ટમ ઉપર અસર કરી શરીર ઉપર સોજા ચઢવાના શરૂ થાય તે પહેલા DEC દવા ગળવાથી આ રોગ ઉપર અંકુશ મેળવી શકાય છે. બહારથી સંપૂર્ણ સ્વસ્થ દેખાતી વ્યકિતને પણ માઈક્રો ફાઈલેરીયાનો ચેપ મચ્છર ધ્વારા લાગુ પડેલ હોય શકે છે, આથી કોઈ પણ પ્રકારના દેખિતા ચિન્હો સિવાય પણ વ્યકિત ફાઈલેરીયા ગ્રસ્ત અને તેના ફેલાવા માટે જવાબદાર હોય શકે છે, આથી સમયસર ફકત પરિક્ષણ અને માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન MDA પ્રોગ્રામ હેઠળ દવા ગળી આ રોગ સામે સ્વયંપણે રક્ષિત થઈ શકે છે, અને અન્યોને પણ આના ચેપથી બચાવી શકાય છે.

આ કાર્યક્રમની સફળતા માટે અને લોકોને આ કાર્યક્રમ ધ્વારા લીમ્ફેટીક ફાઈલેરીયાસીસ (હાથી પગાના રોગ)થી રક્ષિત કરવા માટે લોકોનો અને સમાજના અગ્રગણ્ય વ્યકિતઓનો સ્વયંભુ સહકાર ખુબ જ મહત્વની વસ્તુ છે. જેથી કરીને સમાજના તમામ વર્ગને આ ભયંકર રોગના વિકરાળ જડબામાંથી બચાવી સમાજ સેવાનું એક ઉમદા કાર્ય પાર પાડી શકાય.

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૨–૧૧–૨૦૦૬ના નેશનલ ફાઈલેરીયા દિનના રોજ આયોજન કરેલ માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન પ્રોગ્રામ માટે તૈયાર કરવામાં આવેલ એકશન પ્લાનની રૂપ રેખા મુજબ સુરત શહેરની વર્ષ ૨૦૦૬ ની ૩૧,૮૧,૪૮૦ની અંદાજીત વસ્તીને આવરી લેવા માટે કુલ ૨,૨૦૦ ટીમો બનાવવામાં આવેલ છે. દરેક ટીમમાં બે ડ્રગ ડિસ્ટ્રીબ્યુટર હશે. ૧૦ ટીમ દીઠ એક સુપરવાઈઝર રોકવામાં આવેલ છે. આમ, કુલ ૨૨૦ સુપરવાઈઝરો રોકવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાનાં ૨૭ અર્બન હેલ્થ સેન્ટરો તથા અર્બન હેલ્થ સેન્ટર કમ મેટરનીટી હોમને ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર તરીકે કાર્યરત કરવામાં આવેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મ્યુ. કમિશ્નરશ્રી પંકજ જોષી, ડેપ્યુટી કમિશ્નર (હે. અને હો.) ડો. આઈ. સી. પટેલ, આરોગ્ય અધિકારી ડો. હેમંતભાઈ દેસાઈ તથા જંતુનાશક અધિકારી ડો. કે. જી. વૈષ્ણવ અને તમામ ઝોનનાં નાયબ/આસી. આરોગ્ય અધિકારી, તમામ મેડીકલ ઓફિસર, તમામ આસી. જંતુનાશક અધિકારી, પેરા મેડીકલ સ્ટાફ તેમજ શહેરની તમામ કોલેજોનાં એન.એસ.એસ. અને એન.સી.સી.નાં વિદ્યાર્થીઓને લઈને ખૂબ જ મોટા પ્રમાણમાં આયોજન કરવામાં આવેલ છે. જેથી જાહેર જનતાને હાથીપગાની ગંભીરતાને લઈને યોગ્ય સાથ–સહકાર આપવા સુરત મહાનગરપાલિકા ધ્વારા અપીલ કરવામાં આવે છે.

TOP

## અડાજણ–આનંદ મહેલ રોડનાં શાકભાજી માર્કેટનાં ફેરીયાઓનું નવી માર્કેટમાં સ્થળાંતર

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં ટી. પી. ૧૨ (અડાજણ)માં આનંદમહલ રોડ ઉપર આવેલ ભુલકાભવન સ્કુલની પાછળ આવેલ ફા. પ્લોટ નં. ૭૯(પૈકી) અને એસ્કોન પ્લાઝા અને શ્રીજી આર્કેડની બાજુમાંથી પસાર થતા ૧૮ મીટરના ટી. પી. રસ્તા ઉપર જૈન વાડીની બાજુમાં સુરત મહાનગરપાલિકાના " ડીસ્ટ્રીકટ સેન્ટર "ના હેતુ માટેના અનામત પ્લોટમાં તમામ સુવિધાઓ સહિત શાકભાજી માર્કેટના બાંધકામનું કામ પૂર્ણ કરેલ છે. આ વિસ્તારમાં ૧૮ મીટરના મુખ્ય ટી. પી. માર્ગ ઉપર શાકભાજી માર્કેટના ફેરીયાઓનું ફુટપાથ સહિત ટી. પી. રસ્તા ઉપર વર્ષોથી સરેઆમ દબાણ હતું. જે દબાણ યોગ્ય વૈકલ્પિક જગ્યાના અભાવે દુર કરાતું ન હતું તથા આ વિસ્તારનો ખુબ જ વિકાસ થયો હોય, અને જનસંખ્યા પણ વધુ હોય આ વિસ્તારમાં તાકીદે આધુનિક શાકભાજી માર્કેટની જરૂરીયાત હતી.




આથી, સુરત મહાનગરપાલિકા દ્વારા આ વિસ્તારમાં રૂા. ૨૧ લાખના ખર્ચે આધુનિક શાકભાજી માર્કેટ તમામ સગવડો સહિત બનાવવામાં આવેલ છે. જેમાં ૬ ફુટ × ૭ ફુટની સાઈઝના કુલ–૧૩૨ સ્ટોલો આવેલા છે અને જેને પતરાના શેડ, એંગલો સહિત બનાવેલા છે તથા તેમાં લાઈટીંગની સગવડ, પી.સી.સી. અને ડામરના રસ્તાઓ તથા વરસાદી પાણીના નિકાલની સુવિધા અને પાર્કીંગ તેમજ ટોઈલેટ બ્લોક સહિત શાકભાજી ધોવા સહિતની તમામ સુવિધાઓ આપવામાં આવેલ છે. શાકભાજી ખરીદનારાઓ માટે જાહેર માર્ગ ઉપર દબાણ ન હોય તે હેતુસર અલાયદુ પાર્કીંગ પણ ફાળવવામાં આવેલ છે. ટી. પી. માર્ગ ઉપર વર્ષોથી બેસનારા ફેરીયાઓ વિગેરેનો નિયમિત સમયાંતરે સર્વે કરવામાં આવેલ તથા જે સર્વે અનુસાર તમામ ફેરીયાઓને આજરોજ તા. ૨૧–૧૨–૨૦૦૬ના રોજ નવી માર્કેટના સ્થળે રાજીખુશીથી સ્થળાંતર કરાવવામાં આવેલ છે અને જાહેર માર્ગ ઉપર તથા ફુટપાથ ઉપર થતું વર્ષો જુનું દબાણ સંપૂર્ણ દૂર કરવામાં આવેલ છે અને ટ્રાફિકની સરળ અવરજવર જેથી ખુલ્લી થયેલ છે.



ઉપરોકત નવી શાકભાજી માર્કેટનો, રાંદેર–અડાજણની આશરે ૨૫ હજાર જેટલી જનવસ્તી લાભ લેશે. આ નવી શાકભાજી માર્કેટને " કસ્તુરબા ગાંધી શાકભાજી માર્કેટ " નામાભિધાન કરવા પણ કાર્યવાહી ચાલુ છે. આજ રીતે અન્ય સ્થળોએ પણ નવી શાકભાજી માર્કેટો બનાવવાનું આયોજન પશ્ચિમ ઝોન દ્વારા પૂર્ણતાના આરે છે.

આજરોજની કામગીરી ઝોનલ ચીફશ્રીની સુચના તથા ઝોનલ ઓફિસરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ નાયબ આરોગ્ય અધિકારીશ્રીએ દબાણ તથા શહેરી વિકાસ વિભાગના સ્ટાફ, આરોગ્ય વિભાગના સ્ટાફ, સીકયુરીટી સ્ટાફ તથા રાંદેર પોલીસ સ્ટેશનના સ્ટાફની મદદથી શાંતિપૂર્ણ રીતે સફળતા પૂર્વક સંપન્ન કરેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત એથ્લેટીકસ સ્પર્ધામાં ભાગ લેવા બાબત

સુરત મહાનગરપાલિકા તરફથી આગામી માસમાં શિયાળુ રમતોત્સવમાં એથ્લેટીકસ સ્પર્ધામાં ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, લાંબીકૂદ, ગોળાફેંક, ચક્રફેંક તથા સામુહિક રમતોમાં કબડ્ડી, ખો–ખો (ભાઈઓ તથા બહેનો માટે) અને વોલીબોલ (ફકત ભાઈઓ) સ્પર્ધા પ્રાથમિક વિભાગ તથા માધ્યમિક વિભાગમાં યોજાશે. જેમાં સુરતની હદમાં આવેલ શાળાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. ઉપરોકત સ્પર્ધાનાં પ્રવેશપત્રો મુગલીસરા ખાતે સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરીની સામે આવેલા કાશ્મીરા બિલ્ડીંગ સ્થિત સાંસ્કૃતિક વિભાગમાંથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. **આ સ્પર્ધાના પ્રવેશપત્રો આપવાની તથા સ્વીકારવાની અંતિમ તા. ૨–૧–૨૦૦૭ રાખવામાં આવી છે.**

TOP

## ૨૫મી પીઠાવાલા ટ્રોફીમાં સુરત મહાનગરપાલિકાનો ૭ વિકેટે ભવ્ય વિજય, ઓલ રાઉન્ડ દેખાવ કરનાર યોગેશ પટેલ મેન ઓફ ધ મેચ

સુરત મહાનગરપાલિકા શહેરીજનો મૂળભૂત માળખાકીય સુવિધાઓ આપવાની સાથે મનોરંજન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ આપવા પ્રયત્નશીલ છે. સુરત મહાનગરપાલિકા માળખાગત સુવિધાઓ તેમજ અન્ય ક્ષેત્રમાં દેશભરમાં આગવું સ્થાન ધરાવે છે. સાથે સાથે મનપાના જ કર્મચારીઓ પણ રમતગમત ક્ષેત્રે પણ સુરત મહાનગરપાલિકાનું નામ રોશન કરે તે માટે પણ મનપા પ્રયત્નશીલ છે. આ માટે મનપાની ક્રિકેટ ટીમ પણ દર વર્ષે જુદી જુદી ટુર્નામેન્ટોમાં ભાગ લઈ યશસ્વી દેખાવ કરે છે.

ચાલુ ક્રિકેટ સીઝનની શરૂઆતમાં તા. ૧૯–૧૨–૨૦૦૬ના રોજ પીઠાવાલા સ્પોર્ટસ કલબ આયોજીત ૨૫મી પીઠાવાલા ઈન્વી. ક્રિકેટ ટુર્નામેન્ટમાં જયદેવ સોલંકીની આગેવાની હેઠળ સુરત મહાનગરપાલિકા ટીમે રમતગમત મંડળ મટવાડ (નવસારી) ટીમને ૭ વિકેટે હરાવી સુંદર પ્રારંભ કર્યો હતો. મેચનો સ્કોર નીચે મુજબ હતો.

રમતગમત મંડળ (મટવાડ, નવસારી) ૧૩૪ રન ઓલઆઉટ ૩૭.૫ ઓવર, જયેશ પટેલ ૪૮ (અણનમ) નિતેશ પટેલ–૧૪ રન, યોગેશ પટેલ ૨૨/૩, જશવંત પટેલ–૧૭/૩, અનંત સારંગ–૮/૨ વિકેટ.

સુરત મહાનગરપાલિકા ૧૩૫/૩ વિકેટે ૨૯ ઓવર. યોગેશ પટેલ–૫૫(અણનમ) ધનસુખ પટેલ–૪૯, પ્રવિણ પટેલ–૧૧ રન (અણનમ)



સુરત મહાનગરપાલિકાના કોચ તરીકે નવનીત પટેલે ખેલાડીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડયું હતું તથા એમ્પાયર તરીકે હેમંત કઠિયાત તથા હેમંત પટેલે કાર્યભાર સંભાળ્યો હતો. આયોજન મહેશ પટેલે નિભાવ્યું હતું. સુરત મહાનગરપાલિકાની ક્રિકેટ ટીમના તમામ સભ્યોનો પરિચય મેળવી સાંસ્કૃતિક ખાતાના મેનેજરશ્રી એસ. આર. ખાન સાહેબ ધ્વારા ખેલાડીઓને જરૂરી માર્ગદર્શન આપી પ્રોત્સાહન પૂરૂ પાડયું હતું. સમગ્ર મેચ દરમ્યાન મનપા તરફથી સંકલનની કામગીરી માટે સાંસ્કૃતિક વિભાગના ઓર્ગેનાઈઝરશ્રી આર. એન. ઠકકર હાજર રહયા હતા. હવે પછીની ટુર્નામેન્ટની બીજી મેચ તા. ૧૩–૧–૨૦૦૭ના રોજ રમાનાર છે.

TOP